# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in


નં.શા.શિ./ફિ.ઈ.યુ.ક./૫૨/૨૦૨૦

તા. ૧૭-૧૦-૨૦૨૦

વિષય : ફિટ ઈન્ડિયા યુથ ક્લબની સ્થાપના કરવા અંગે.

પરિપત્ર :

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ, અને માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ M.O.U. (Memorandum of Understanding) અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજ અને ભવન ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા, શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓમાં ફિટનેશ અને એક્ટીવ લાઈફ સ્ટાઈલ બાબતે જાગૃતિ કેળવાય એ હેતુથી ફિટ ઈન્ડિયા યુથ ક્લબની રચના કરવાનું નક્કી થયેલ છે. આ ડ્રાઈવને જન આંદોલન બનાવી એક શસક્ત ભારતનું નિર્માણ કરવામાં આપ સહુ સહયોગ આપશો. આપનો સહયોગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને હરહમેંશ રહ્યો છે. અમો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ગાંધીનગર વતી આપને આ ફિટ ઈન્ડિયા યુથ ક્લબમાં જોડાવા અને આ ડ્રાઈવને સાર્થક કરવા આપને આહવાન કરીએ છીએ.

જે અંગે સર્વે કોલેજોમાં અને ભવનોમાં ફિટ ઈન્ડિયા યુથ ક્લબની સ્થાપના કરવાની થાય છે **આ ક્લબનાં સભ્યોમાં ૦૫ સભ્યોની કમિટી બનાવવાની રહેશે. આ કમિટીનું માળખું નીચે મુજબનું રહેશે.**

| ક્રમ | ફિટ ઈન્ડિયા યુથ ક્લબનાં સભ્યશ્રીઓની વિગત | |
|---|---|---|
| ૧ | અધ્યક્ષશ્રી | કોલેજનાં આચાર્યશ્રી અથવા ભવનનાં અધ્યક્ષશ્રી |
| ૨ | કૉ-ઓર્ડીનેટર | શારીરિક શિક્ષણનાં અધ્યાપક અથવા શારીરિક શિક્ષણનો હવાલો સંભાળતા અધ્યાપક |
| ૩ | સભ્યશ્રી | પ્રોફેસર/અધ્યાપકશ્રી ભાઈ અથવા બહેન |
| ૪ | સભ્યશ્રી | કોલેજનાં શ્રેષ્ઠ ખેલાડી ભાઈ |
| ૫ | સભ્યશ્રી | કોલેજનાં શ્રેષ્ઠ ખેલાડી બહેન |

ઉપરોકત કોષ્ટક મુજબ અહી આપેલ ગુગલ લીંક https://forms.gle/AMpavGScjAiaeaiZA દ્વારા રજીસ્ટ્રેશન કોલેજનાં આચાર્યશ્રી અને ભવનનાં અધ્યક્ષ તેમજ માન્ય સંસ્થાના વડાશ્રી દ્વારા તા. ૨૪-૧૦-૨૦૨૦ સુધીમાં કરવાનું રહેશે.

**ઉપરોકત કોષ્ટકમાં ક્રમ નંબર ૦૪ માં ફક્ત બહેનોની કોલેજ હોય તો કોલેજનાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે બહેનોનું રજિસ્ટ્રેશન કરવું અને ક્રમ નંબર માં ૦૫ ફક્ત ભાઈઓની કોલેજ હોય તો કોલેજનાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે ભાઈઓનું રજીસ્ટ્રેશન કરવું અને ભાઈઓ અને બહેનો બન્નેની કોલેજ હોય તો એક ભાઈ અને એક બહેનનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.**

17/10

કુલસચિવ

<u>પ્રતિ,</u>

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ,

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનનોના વડાશ્રીઓ,

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ

<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે :-</u>

ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

<u>નકલ સાદર રવાના જાણ અર્થે :-</u>

(૧) માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ.

(૨) માન. કુલપતીશ્રીનાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી – ગાંધીનગર.

(૩) માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ

(૪) નોડલ ઓફિસરશ્રી, ફિટ ઈન્ડિયા મુવમેન્ટ – ગુજરાત સરકાર